**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૧/૧૦/૨૦૧૮ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૯૧૧/૧૮**

## અરવલ્લી તથા સાબરકાંઠા તથા પાટણ જીલ્લાઓમાં ઘરફોડ ચોરીઓ કરતા ત્રણ ઇસમોને ઘરાફોડ ચોરીના લેપટોપ નંગ-૨ તથા મો.ફોન નંગ-૧ સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં ખાસ પોલીસ કમિશ્નરશ્રી જે.કે. ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એસ.એલ.ચૌધરી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં ઘરફોડ ચોરીઓ તથા વાહનચોરીના ગુન્હાઓ કરતા આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી.રોજીયા, તથા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એસ.જે.જાડેજા તથા શ્રી આઇ.એસ.રબારી તથા શ્રી એસ.બી.દેસાઇ તથા સ્ટાફનાં માણસો ને મળેલ બાતમી હકિકત આધારે આરોપીઓ (૧) હુસેન ઉર્ફે બીલ્લા S/O યાસીનભાઇ જાતે ભટ્ટી ઉ.વ.૩૧ રહેઃ- હાલરહેઃ- એ-વન, કસવાપાર્ક, ફતેવાડી અમદવાદ શહેર મુળગામ.:-કઉ-કુકરી (કઉ-રમાણા) તા.મોડાસા જી.અરવલ્લી નં. (૨) મોહમદ યુનુસ ઉર્ફે હાફીજજી S/O અનવરભાઇ જાતે અન્સારી ઉ.વ.૩૦ રહેઃ- સમીરભાઇ ના મકાનમાં, અલહસા પાર્ક, ફાતીમા મસ્જીદની ગલીમાં, કાજી મસ્જીદની આગળ, ફતેવાડી, અમદાવાદ તથા નં.(૩) સમીર સઇદભાઇ જાતે અરબ ઉવ.૩૧ રહે. મ.નં. બી/૫૨, જૈનુલ પાર્ક, એકતા મેદાન પાસે, જુહાપુરા, અમદાવાદ શહેર તથા મ.નં.૧૬૪, અલ-અસદ પાર્ક, ઝલક ફ્લેટ, વેજલપુર, અમદાવાદ નાઓને તા.૩૦/૦૯/૨૦૧૮ ના રોજ પકડી અટક કરેલ છે જેઓ પાસેથી લેપટોપ નંગ-૨ તથા સોની કંપનીનો મો.ફોન નંગ-૧ કિં.રૂ. ૪૮,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીઓએ પુછપરછ દરમ્યાન જણાવેલ છે કે આરોપી નાં.(૧) હુસેન ઉર્ફે બિલ્લા નાએ પોતાની ફોરવ્હીલ સ્કોડા ગાડીમાં ઉપરોકત સાગરીતો તથા અન્ય નહી પકડાયેલ સાગરીતો સાથે મળી સિધ્ધપુર ખાતે ગયેલ અને સિધ્ધપુર માં બે મકાનો તથા એક દુકાન માં તાડા તોડી ચોરી કરવાની કોશિષ કરેલ પરંતુ અન્ય તાડાઓ તોડી ન શકતા ચોરી કરી શકેલ નહીં

ત્યારબાદ બે મહિના પહેલા મોડી રાત્રિના મોડાસા ધનસુરા રોડ ઉપર કોલેજ સામે એક સોસાયટીમા સોનાચાંદિના દાગિનાઓ અને રોકડ રકમ ની ચોરી કરેલ

આજથી દોઢ બે મહિના પહેલા આરોપી નં.(૧) હુસેન ઉર્ફે બિલ્લાએ અન્ય બે સાગરીતો સાથે મોડાસા ખાતે ગયેલ અને રાત્રિના સમયે મોડાસા ડુગરવાડા ચોકડી, મગદુમ શા ગેટની સામે રહનુમા સોસા મા એક બંધ મકાનમાથી રોકડા રૂપિયા વીસ હજાર ની ચોરી કરેલ

આજથી બે મહિના પહેલા આરોપી નં.(૧) હુસેન ઉર્ફે બિલ્લા તેના અન્ય બે સાગરીતો સાથે એકટીવા લઇને હિંમતનગર ખાતે ગયેલ અને રાત્રિના દોઢેક વાગે ફાતીમા ગર્લ્સ હોસ્ટેલ સામે ઝહીરાબાદ સોસાયટીમાં એક મકાનનુ તાડુ તોડી તે ઘરમાંથી બે લેપટોપ અને એક પરચુરણ પૈસા ભરેલ ગલ્લો ચોરી કરેલ

આજથી પંદરેક દિવસ પહેલા આરોપી હુસેન ઉર્ફે બિલ્લા અન્ય સાગરીતો સાથે એકટીવા લઇને હિંમતનગર ખાતે ગયેલ અને રાત્રિના સમયે અગાઉ ઝહીરાબાદ માં જે મકાનમા ચોરી કરેલ તે મકાન ની સામેની લાઇન મા બીજા એક મકાનમાં ચોરી કરવા માટે ગયેલ પરંતુ કઇ કિંમતી ચીજવસ્તુ કે રોકડ રકમ મળી આવેલ નહીં ત્યારબાદ આજ સોસાયટીમાં થોડે આગળ બીજા એક મકાન માં ગયેલ અને તે મકાનનું તાડુ તોડી તે મકાનમાંથી તાંબા પીતળના વાસણો તથા બે મોબાઇલ ફોન અને ચાંદીની પાયલો ચોરી કરેલ જે ચોરી કરેલ હોવાનુ જણવેલ

**<u>આરોપીઓનો ગુનાહીત ઇતિહાસ:-</u>**

પકડાયેલ આરોપી નં.(૧) હુસેન ઉર્ફે બિલ્લાનાનો અગાઉ સને-૨૦૧૪ માં મોડાસા મા રહેતા તેના સાગરીતો સાથે મળી અરાવલ્લી જીલ્લાના મોડાસા તથા માલપુર તથા ધનસુરા તથા મેઘરજ તથા ભિલોડા તાલુકાઓમાં ૧૫ જેટલી ઘરફોડ ચોરીઓ ના કેસોમાં પકડાયેલ છે.

ત્યારબાદ દસેક મહિના પહેલા સ્કોડા ગાડી લઇને રાજસ્થાન ડુંગરપુર જીલ્લામાં ઘરફોડ ચોરી કરવા માટે ગયેલ અને ડુંગરપુર પોલીસ સ્ટેશન માં ઘરફોડ ચોરીના કેસમાં પકડાયેલ છે. તેમજ અન્ય પકડાયેલ આરોપીઓ અગાઉ કોઇ ગુન્હામાં પકડાયેલ નથી

આમ ઉપરોકત પકડાયેલ આરોપીઓએ અમદાવાદ શહેરમા કે અન્ય કોઇ જીલ્લાઓમાં ઘરફોડ ચોરીઓ કરેલ છે કે કેમ તેમજ કોઇ ગુન્હામા નાસતા ફરતા છે કે કેમ તે બાબતે પો.સબ.ઇન્સ. આઇ.એસ.રબારી નાઓ તપાસ ચલાવી રહેલ છે.



**અમદાવાદ શહેર તથા અમદાવાદ ગ્રામ્યના લુંટ તથા હત્યાની કોશિષના ગુન્હામાં ઝડપાયેલ છેલ્લા આઠ મહીનાથી પેરોલ જમ્પ થયેલ ઈસમને ઝડપી પાડતી**

**નિકોલ પોલીસ** **તા.૩૦/૦૯/૧૮**

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫, અમદાવાદ શહેર તથા મ.પો. કમિ.શ્રી "આઈ" ડિવિઝન અમદાવાદ શહેરનાઓએ ગંભીર ગુન્હાઓમાં સંડોવાયેલ અને પેરોલ જમ્પ થયેલ ઈસમોને શોધી કાઢી જેલ હવાલે કરવા સુચના કરેલ હોય જે સુચના આધારે પો.ઈન્સ શ્રી એચ.બી.ઝાલાનાઓના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઈ. શ્રી એસ.વી.પટેલનાઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલિંગ માં હતા દરમ્યાન હેડ કોન્સ ઘનશ્યામભાઈ હરસુરભાઈનાઓને મળેલ હકિકત આધારે દાણીલીંમડા પો.સ્ટે.ફસ્ટ ગુન્હા રજી નં-૧૧૯/૨૦૧૧ ઈપીકો કલમ ૩૯૨ તથા અસલાલી પો.સ્ટે.ફસ્ટ ગુન્હા રજી નં-૧૧૪/૨૦૧૩ ઈપીકો કલમ ૩૦૭, ૩૨૪,૩૨૫, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ કલમ ૧૩૫(૧) મુજબના કામે પકડાયેલ અને સાબરમતી જેલ ખાતેથી પેરોલ જમ્પ થયેલ વિજય S/o રાઘવરામ શર્મા ઉવ.૨૮ રહે.:રઘુવિર એપાર્ટમેન્ટ, ઓઢવ, અમદાવાદ શહેરનાને ઝડપી પાડી તા.૩૦/૦૯/૨૦૧૮ ના રોજ જેલ હવાલે કરવામાં આવ્યો.

**પ્રોહીબીશન સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી સાબરમતી પોલીસ**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્ત પણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં પ્રોહીની પ્રવુતી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે ગેરકાયદેસર ઇગ્લીશદારૂનો જથ્થો રાખી ખાનગીમા વેચાણ કરતો નામે રોશનજી સ/ઓ ફુલાજી ચતુરજી ઠાકોર ઉવ-૪૨ રહે શર્માજીની ચાલી પાવર હાઉસ કોલોની સામે સાબરમતી અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ ઇગ્લીશદારૂના કેશો શોધી કાઢી સદરી આરોપીને આવી પ્રવુતી પ્રોહી કલમ-93 કે બી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા ક્રમાંક-પીસીબી/DTN/પાસા/૯૩૬/૨૦૧૮ તા:૨૯/૦૯/૨૦૧૮ ના રોજ હુકમ કરતા સદરી હુકમ આધારે સદરી આરોપીને તા:૨૯/૦૯/૨૦૧૮ ના રોજ પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

## ખોખરા પોલીસ સ્ટેશનનો વ્હીકલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી ગોમતીપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૨, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૫, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, "એચ" ડીવીઝન, અમદાવાદ શહેર નાઓ તરફથી મળતી સુચનાઓ જેમાં મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ મળેલ સુચના આધારે

આજરોજ સર્વેલંન્સ સ્કોડના પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી એન.પી.રાઠોડ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે એક ઈસમ કે જેણે શરીરે ક્રીમ કલરની ટી-શર્ટ તથા ભુખરા કલરનુ જીન્સનુ પેન્ટ પહેરેલ છે તે ઈસમ છળકપટ કે ચોરી થી મેળવેલ હોન્ડા કંપનીની સફેદ કલરની એકટીવા સ્કુટર જેનો આરટીઓ નંબર GJ-27-BB-8212 ની લઇ અત્રેથી પસાર થવાનો છે. જે હકીકત આધારે સદર એકટીવા ચાલક નાનો મળી આવેલ જેની પાસે એકટીવા અંગેના પુરાવા માગતા નહી હોવાનુ જણાવેલ અને તેણે જણાવેલ કે આ એકટીવા તેણે ખોખરા અનુપમ સિનેમાની સામે ડેન્ટલ કોલેજ પાસેથી ચોરી કરેલાનુ જણાવેલ અને સદર એકટીવા નંબર GJ-27-BB-8212 કિ.રૂ.૧૫૦૦૦/- ગણી તપાસના કામે કબ્જે કરેલ છે. જે આધારે ખોખરા પોલીસ સ્ટેશન ખાતે તપાસ કરતા ખોખરા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૯૩/૨૦૧૮ ઈપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય આ કામે સદર ચોરીના એકટીવા સાથે પકડાયેલ કાયદાની સંઘર્ષમાં આવેલ કીશોરને તેના પિતાને સોપી આગળની કાર્યવાહી હાથ ધરવા ખોખરા પોલીસ સ્ટેશન ખાતે જાણ કરેલ છે.

## વ્હીકલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી ગોમતીપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૫, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, "એચ" ડીવીઝન, અમદાવાદ શહેર નાઓ તરફથી મળતી સુચનાઓ જેમાં મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ મળેલ સુચના આધારે

આજરોજ સર્વેલંન્સ સ્કોડના પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી એન.પી.રાઠોડ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે એક ઈસમ કે જેણે શરીરે સફેદ કલરનો જબ્બો તથા સફેદ કલરનો પાયજામો પહેરેલ છે તે ઇસમ છળકપટ કે ચોરી થી મેળવેલ હોન્ડા કંપની એકટીવા સ્કુટર નંબર વગરની લઈ રખીયાલ ચાર રસ્તા તરફથી આવઈ અત્રે થઈ પસાર થવાનો છે. જે હકીકત આધારે સદર એકટીવા ચાલક સદ્દામ સ/ઓ અબ્દુલ મજીદ શેખ ઉ.વ.૨૨ રહે.મ.નં.૧૦૫ કાશીબેનની ચાલી લાલમીલ પાસે ગોમતીપુર અમદાવાદ શહેર નાનો મળી આવેલ જેની પાસે એકટીવા અંગેના પુરાવા માગતા નહી હોવાનુ જણાવેલ અને જે એકટીવાનો એન્જીન નંબર JF50EU5265349 તથા ચેચીસ નંબર KWPGHI403A નો લખેલ છે. જેની કિ.રૂ.૪૦૦૦૦/- ગણી તપાસના કામે કબ્જે કરેલ છે. જે આધારે અત્રેના ગોમતીપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૪૪/૨૦૧૮ ઈપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય આ કામે સદર ચોરીના એકટીવા સાથે પકડાયેલ ઈસમની વિરૂધ્ધમાં કાયેદસરની કાર્યવાહી કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

# મર્ડરની કોશીષના ગુન્હામાં નાસતો ફરતો આરોપી પકડી પાડતી વેજલપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

ખાસ પોલીસ કમીશ્નર સેકટર ૧ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી ઝોન ૭ તથા મદદનીશ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી એમ ડિવીઝન સાહેબ નાઓએ મૌખીક સુચના આધારે અમારા તથા સેકન્ડ પો ઇન્સ એ યુ ટાપરીયા સા ના સીધા માર્ગદર્શન હેઠળા નાસ્તા ફરતા/વોન્ટેડ/પેરોલ ફર્લોના આરોપીઓને પકડવા સારુ પ્રો પો સબ ઇન્સ એ ડી દેસાઇ તથા પો સબ ઇન્સ આર ડી રોહીત તથા બીજા સ્ટાફના માણસો સાથે પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો કોન્સ સિધ્ધરાજસિંહ રતનસિંહ બનં ૯૪૯૧ તથા લોકરક્ષક શકિતસિંહ દિલીપસિંહ બનં ૧૪૩૭ નાઓની બાતમી હકિકત આધારે અત્રેના વેજલપુર પો સ્ટે ફસ્ટ ગુ ર નં પર/૧૮ ઇપીકો કલમ ૩૦૭,૩૨૩,૧૧૪,૧૨૦(બી),૫૦૬(૧) તથા આર્મેસ એકટ કલમ ૨૫(૧)(બી)(એ),૨૭(૨) **મુજબ** ના કામે નાસતો ફરતો આરોપી નામે **સાજીદ ઉર્ફે સાદીક સ/ઓ સલીમભાઇ શેખ ઉવ ૨૨ રહે સુજાન પાર્લરની ઉપરના માળે અંબર ટાવર સામે ૧૦૦ ફુટ રીંગ રોડ ફતેવાડી અમદાવાદ શહેર** નાઓને આજરોજ તા ૩૦.૦૯.૨૦૧૮ ના કલાક ૧૮.૩૦ વાગે નાસતો ફરાતો આરોપી પકડી અટક કરી ગુન્હાનો ભેદ ઉકેલી પ્રશંસનીય તથા ઉમદા કામગીરી કરેલ છે તા ૩૦.૦૯.૨૦૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.